RUBINA H. KHALIYANI- Advocate
Plot No.66/A, Sneh Milan Society, B/h.Railway Station, Hadanagar, Bhavnagar.

તા.૩૦/૦૮/૨૦૧૯.

પ્રતિ શ્રી,
જનરલ મેનેજર શ્રી,
ભાવનગર નાગરીક સહકારી બેન્ક લી.,
ભાવનગર.

બાબત :- શહેર ભાવનગર મધ્યે કૃષ્ણનગર સરદારનગર વિસ્તારમાં આવેલ ભાવનગર મહાનગરપાલીકાનાં ૯૯ વર્ષનાં ભાડાપટ્ટાવાળો પ્લોટ નં.૧૭૭૭/બી-૧/એ-૨ નું ક્ષેત્રફળ ૧૨૭.૬૩ ચો.મી. તથા તેમાં આવેલ ૮૫.૫૩ ચો.મી. ના બાંધકામવાળી મિલકત જે સીટી સર્વે કચેરીનાં રેકર્ડે વોર્ડ નં.૬ શીટ નં.૩૩૫, સીટી સર્વે નં.૪૦૧૫/૯/અ/૧/અ નાં બાંધકામવાળી મિલકત અન્વયેનું ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ.

---

મહેરબાન શ્રી,

સહવિનય સાથ જણાવવાનુ કે, અમોની પાસે (૧) રવીરાજસિંહ કિશોરસિંહ ઝાલા (૨) કિશોરસિંહ ભાઈલાલ ઝાલા, (૩) વિરાજસિંહ કિશોરસિંહ ઝાલા ધ્વારા તા.૨૮/૦૮/૨૦૧૯ ના રજી. વેચાણ કરાર અનુ. નં.૩૭૫૫ થી ખરીદ કરવાં અન્વયેનો રજીસ્ટર્ડ કરાર કરેલ છે તેઓની ધ્વારા ઉપલબ્ધ કરવામાં આવેલ દસ્તાવેજો ઉપરથી અમોનો અભિપ્રાય નીચે મુજબનો થાય છે.

(૧) ટાઈટલવાળી મિલકત સહીતની મિલકત મુળ પ્લોટ નં.૧૭૭૭/બી કે જે ભાવનગર મહાનગરપાલીકાનાં ૯૯ વર્ષના લીઝ હોલ્ડ પ્લોટ આવેલ છે અને સદરહું મિલકત સને-૧૯૬૨ ની સાલમાં ભાવનગર નગરપાલીકાની ધ્વારા પટેલ હિરુભાઈ કુનેરભાઈને પ્રાપ્ત થયેલ અને ત્યારબાદ તેઓની ધ્વારા સદરહું મિલકત નવીનચંદ્ર મોહનલાલ પરીખને સ્ટેન્ડીગ કમીટીનાં ઠરાવ નં.૮૫ તા.૦૫/૦૪/૧૯૬૬ થી ટ્રાન્સફર કરી આપવામાં આવેલ. ત્યારબાદ નવીનચંદ્ર મોહનલાલ પરીખની ધ્વારા સદરહું પ્લોટવાળી મિલકત પિયુષચંદ્ર રસીકલાલ પરીખને ટ્રાન્સફર કરતા તે અંગેની

R.H. Khaliyani

.....૨.

Scanned with CamScanner

RUBINA H. KHALIYANI- Advocate
Plot No.66/A, Sneh Milan Society, B/h.Railway Station, Hadanagar, Bhavnagar.



નોંધ સ્ટેન્ડીગ કમીટીનાં ઠરાવ નં.૬૫૫૭ તા.૦૪/૦૧/૧૯૭૨ થી કરવામાં આવેલ. ત્યારબાદ પિયુષચંદ્ર રસીકલાલ પરીખે પ્લોટ નં.૧૭૭૭/બી નાં ત્રણ ભાગ પ્લોટ નં.૧૭૭૭/બી–૧ થી પ્લોટ નં.૧૭૭૭/બી–૩ તે રીતે મંજુર કરાવેલ.

ત્યારબાદ સદરહું મિલકતનાં માલિકો પિયુષ રસીકલાલ પરીખ પાસેથી વિજયાલક્ષ્મી બટુકલાલ પટેલ અને રણજીતકુમાર બટુકલાલ પટેલે પ્લોટ નં.૧૭૭૭/બી–૧ વાળી મિલકત ખરીદ કરવા માટે વેચાણ કરાર તા.૨૩/૧૧/૧૯૭૧ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ ભાવનગર મહાનગરપાલીકાની ધ્વારા પ્લોટ નં.૧૭૭૭/બી–૧ ના બે ભાગ પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ તથા પ્લોટ નં.૧૭૭૭/બી–૧/બી તા.૨૩/૦૩/૧૯૯૦ ના રોજ કરવામાં આવેલ.

ત્યારબાદ શરદચંદ્ર બટુકલાલ પટેલ અને નરેન્દ્ર બટુકલાલ પટેલની ધ્વારા ભાવનગરની કોર્ટમાં સીવીલ સ્યુટ નં.૭૩/૧૯૯૧ થી વિજયાબેન બટુકલાલ પટેલ, જસુભાઈ બટુકલાલ પટેલ તથા રણજીત બટુકલાલ પટેલ સામે કરવામાં આવેલ અને પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ તથા પ્લોટ નં.૧૭૭૭/બી–૧/બી વાળી મિલકત સંબંધે સમાધાન થયેલ અને પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ વાળી મિલકત શરદચંદ્ર બટુકલાલ પટેલ તથા નરેન્દ્ર બટુકલાલ પટેલનાં હિસ્સે આવેલ.

ત્યારબાદ ભાવનગર મહાનગરપાલીકાની ધ્વારા પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ ના બે ભાગ પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૧ અને પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૨ રજાચીઠ્ઠી તા.૨૫/૦૪/૧૯૯૪ થી કરવામાં આવેલ.

ત્યારબાદ નરેન્દ્રભાઈ બટુકલાલ અર્થાત લક્ષ્મણભાઈએ પોતાનો હિસ્સો મીનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલ જોગ ટ્રાન્સફર કરેલ.

આમ, સદરહું પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૧ અને પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૨ નાં બે માલિકો શરદચંદ્ર બટુકલાલ પટેલ તથા મીનાક્ષીબેન

R.H. Khaliyani

.....૩.

Scanned with CamScanner

RUBINA H. KHALIYANI- Advocate
Plot No.66/A, Sneh Milan Society, B/h.Railway Station, Hadanagar, Bhavnagar



નરેન્દ્રભાઈ પટેલ બનેલા અને તેઓની વચ્ચે એક રજી. વહેચણી દસ્તાવેજ અનુ. નં.૨૭૭૮ તા.૧૪/૦૮/૨૦૧૭ થી થતાં અને તેની બીજી નકલ અનુ. નં.૨૩૩૯ તા.૧૪/૦૮/૨૦૧૭ થી પડેલ અને તે મુજબ પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૧ શરદચંદ્ર બટુકલાલ પટેલનાં હિસ્સે આવેલ તેમજ પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૨ મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલનાં હિસ્સે આવેલ.

ત્યારબાદ ભાવનગર મહાનગરપાલીકામાં મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલની ધ્વારા અરજ, અહેવાલ કરતાં પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૨ વાળી મિલકતનું રજી. લીઝ ડીડ અનુ. નં.૫૧૫ તા.૦૫/૦૨/૨૦૧૮ ના રોજ ભાવનગર મહાનગરપાલીકાની ધ્વારા કરી આપવામાં આવેલ છે તેમજ સીટી સર્વે કચેરીની ધ્વારા સદરહું મિલકતનું મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલનાં નામ જોગ પ્રોપર્ટી કાર્ડ કાઢી આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહું મિલકતનાં માલિક મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલની ધ્વારા (૧) રવીરાજસિંહ કિશોરસિંહ ઝાલા, (૨) કિશોરસિંહ ભાઈલાલ ઝાલા, (૩) વિરાજસિંહ કિશોરસિંહ ઝાલા જોગ તા.૨૮/૦૮/૨૦૧૯ ના રજી. વેચાણ કરાર અનુ. નં.૩૭૫૫ થી કરી આપેલ છે.

(૨) અમો વકીલ તરફથી આ મીલકત સબંધે ભાવનગરના મે. સબ રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં કોમ્પ્યુટરમાં બોજા નોંધ અંગેનું સર્ચ તા.૨૯/૦૮/૨૦૧૯ ના રોજ કરાવવામાં આવેલ છે અને આ મિલકત અંગે સબ–રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાંથી ટાઈટલવાળી મિલકત અન્વયે કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતના ટ્રાન્સફર કરેલ હોય તેમ જણાતુ નથી. આમ, ટાઈટલવાળી મિલકત બોજામુકત અને માર્કેટેબલ અને વેચાણને પાત્ર છે.

R.H. Khaliyani

(૪) ઉપરોક્ત વિગતે અમો આથી પ્રમાણીત કરીએ છીએ કે, શહેર ભાવનગર મધ્યે કૃષ્ણનગર સરદારનગર વિસ્તારમાં આવેલ ભાવનગર મહાનગરપાલીકાનાં ૯૯ વર્ષનાં ભાડાપટ્ટાવાળો પ્લોટ નં.૧૭૭૭/બી–૧/એ–૨ નું ક્ષેત્રફળ ૧૧૭.૬૩ ચો.મી.

.....૪.

Scanned with CamScanner

RUBINA H. KHALIYANI- Advocate
Plot No.66/A, Sneh Milan Society, B/h.Railway Station, Hadanagar, Bhavnagar.



તથા તેમાં આવેલ ૮૫.૫૩ ચો.મી. ના બાંધકામવાળી મિલકત જે સીટી સર્વે કચેરીના રેકર્ડ વોર્ડ નં.૬ શીટ નં.૩૭૫, સીટી સર્વે નં.૪૦૧૫/૯/અ/૧/અ નાં બાંધકામવાળી મિલકત પરત્વે <u>(૧) રવીરાજસિંહ કિશોરસિંહ ઝાલા, (૨) કિશોરસિંહ ભાઈલાલ ઝાલા, (૩) વિરાજસિંહ કિશોરસિંહ ઝાલા જોગ દસ્તાવેજ કરી આપેથી આ</u> ટાઈટલ બોજા મુક્ત, ચોખ્ખુ, વેચાણને પાત્ર છે જેની ચર્તુઃસીમા નીચે મુજબ છે.

<u>ચર્તુઃસીમા</u>

**પુર્વ તરફે :-** તે તરફ ૩૦' ફુટનો રસ્તો આવેલ છે.
**પશ્ચિમ તરફે :-** તે તરફ લાગુ પ્લોટ નં.૧૭૭૭/બી/૨ આવેલ છે.
**ઉત્તર તરફે :-** તે તરફ લાગુ પ્લોટ નં.૧૭૭૭/બી/૧/બી આવેલ છે.
**દક્ષિણ તરફે :-** તે તરફ લાગુ પ્લોટ નં.૧૭૭૭/બી/૧/એ આવેલ છે.

<u>નીચેનાં દસ્તાવેજોની વિગત.</u>

૧) મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલની દ્વારા (૧) રવીરાજસિંહ કિશોરસિંહ ઝાલા, (૨) કિશોરસિંહ ભાઈલાલ ઝાલા, (૩) વિરાજસિંહ કિશોરસિંહ ઝાલા જોગ તા.૨૮/૦૮/૨૦૧૯ ના રજી. વેચાણ કરાર અનુ. નં.૩૭૫૫ થી કરી આપેલ તે અસલ સાટાખત.
૨) સીટી સર્વે કચેરીની દ્વારા આપવામાં આવેલ પ્રાપર્ટી કાર્ડની નકલ.
૩) પ્લોટ નં.૧૭૭૭/બી-૧/એ ના ભાવનગર મહાનગરપાલીકાની દ્વારા કરવામાં આવેલ ભાગ પ્લાનની નકલ.
૪) પ્લોટ નં.૧૭૭૭/બી-૧ નાં ભાવનગર મહાનગરપાલીકાની દ્વારા કરવામાં આવેલ ભાગ પ્લાનની નકલ.
૫) શરદચંદ્ર બટુકલાલ પટેલ તથા મીનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલ વચ્ચે એક રજી. વહેંચણી દસ્તાવેજ અનુ. નં.૨૭૭૪ તા.૧૪/૦૮/૨૦૧૭ થી થયેલ તે તથા તે અંગેની બીજી પ્રત અનુ. નં.૨૦૭૮ તા.૧૪/૦૮/૨૦૧૭ થી થયેલ તેની નકલ.

....૫.

R.H. Khaliyani

Scanned with CamScanner

RUBINA H. KHALIYANI- Advocate
Plot No.66/A, Sneh Milan Society, B/h.Railway Station, Hadanagar, Bhavnagar



૬) ભાવનગર સીવીલ કોર્ટમાં સ્પેશ્યલ દિવાની કેસ નં.૭૩/૯૧ નાં કેસમાં કરવામાં આવેલ રાજીદાદ અન્વયેના સમાધાનની ઝેરોક્ષ કોપી.

૭) તા.૫/૨/૨૦૧૮ નાં રોજ લીઝ ડીડ અનુ. નં.૫૧૪ થી ટાઈટલવાળી મિલકત ભાવનગર મહાનગરપાલિકાનાં અધિકારીની ધ્વારા મિનાક્ષીબેન નરેન્દ્રભાઈ પટેલને સને–૧૯૮૨ ની સાલથી ૯૯ વર્ષનાં ભાડાપટ્ટે ટાઈટલવાળી મિલકત અન્વયેનું લીઝ ડીડ કરી આપેલ તે અન્વયેની ઝેરોક્ષ નકલ.

ભાવનગર.
તા. ૩૦/૦૧/૨૦૧૯.

આપનો વિશ્વાસુ,
R.H.Khaliyani
(રૂબીનાબેન એચ. ખલ્યાણી)
No-G/1788/1999 એડવોકેટ.

નોંધ : વેચાણ દસ્તાવેજ રજુ થતી વખતે જે અસલ દસ્તાવેજો વેચાણ દસ્તાવેજમાં લખેલ હશે તે મેળવી લેવાનાં રહેશે.

Scanned with CamScanner